### વડોદરાના માંગલેજ-નારેશ્વર અને કરજણ-આમોદ રોડનો પણ સમાવેશ

# રાજ્યના 20 માર્ગો બનશે ગ્રીન, પ્રોજેક્ટને મંજૂરી

**રૂા. 1147 કરોડના** ખર્ચે ક્લાઈમેટ રેઝિલ્યન્ટ રોડ બનાવાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

ટકાઉ વિકાસ અને પર્યાવરણમૈત્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે મોટું પગલું ભર્યું છે. મધ્ય ગુજરાત સહિત રાજ્યના 20 મહત્વના માર્ગો પર 1147 કરોડના ખર્ચે ગ્રીન ટેકનોલોજી આધારિત ક્લાઈમેટ રેઝિલ્યન્ટ રોડ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. પ્રોજેક્ટની ખાસિયત એ છે કે હાલના જૂના રોડને તોડીને ફેંકવાને બદલે એ જ મટિરિયલને રિસાઈકલ કરી નવો રોડ બનાવવામાં આવશે. જેના કારણે બાંધકામ ખર્ચમાં ઘટાડો થવાની સાથે કુદરતી સંસાધનોનું સંરક્ષણ અને કાર્બન ઉત્સર્જનમાં પણ મોટો ઘટાડો થશે. આ યોજના હેઠળ મધ્ય ગુજરાતના મુખ્ય માર્ગોનો પણ સમાવેશ કરાયો છે. જેમાં વડોદરા જિલ્લાનો માંગલેજ-નારેશ્વર રોડ અને કરજણ-આમોદ રોડ તથા આણંદ જિલ્લાનો ઈસરવાડા-ઉંદેલ રોડ અને વડતાલ-જોળ-બાકરોલ રોડ આ અદ્યતન ટેકનોલોજીથી તૈયાર થશે. આ ઉપરાંત ગીર સોમનાથનો ભીડીયા સોમનાથ રોડ, મોરબીનો મોરબી-નાની વાવડી-બગથળા રોડ, સુરેન્દ્રનગર બાયપાસ રોડ, જામનગરનો કાલાવડ-જામવંથલી-ફલ્લા રોડ સહિત કુલ 20 માર્ગોને આવરી લેવાશે. આ પ્રોજેક્ટમાં આર.સી.સી. ગટરલાઈન, રિસર્ફેસિંગ, ફોર લેન વિકાસ, રમ્બલ સ્ટ્રીપ, રોડ ફર્નિચર જેવી આધુનિક કામગીરી પણ હાથ ધરાશે. મધ્ય ગુજરાતના વાહનચાલકોને ચોમાસામાં ખાડા-ખરાબ રસ્તાથી રાહત મળશે અને મુસાફરી વધુ સુરક્ષિત બનશે એવો સરકારનો દાવો છે.



**મ. ગુજરાતના આ માર્ગો ગ્રીન ટેકનોલોજીથી બનશે**

**વડોદરા:** માંગલેજ-નારેશ્વર રોડ, કરજણ-આમોદ રોડ

**આણંદ:** ઇસરવાડા-ઉંદેલ રોડ, વડતાલ-જોળ-બાકરોલ રોડ

**ખર્ચમાં** 20-25% સુધીની બચત

**કાર્બન** ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો

**ચોમાસામાં** રોડને નુકસાન ઓછું

**કેવી રીતે કામ કરશે ગ્રીન ટેકનોલોજી**

**1.રિસાઈક્લિંગ:** જૂના રોડને ઉખાડી તેમાં ચૂનો પાથરી પલ્વરાઇઝ કરાશે

**2.ગ્રીન મિક્સ:** વેસ્ટ પ્લાસ્ટિક, ફ્લાય એશ અને કેમિકલ સિમેન્ટ ઉમેરી સ્ટેબિલાઇઝેશન કરાશે.

**3.ટકાઉ ફિનિશિંગ:** વ્હાઇટ ટોપિંગ અને ગ્લાસ ગ્રીડ ટેકનિકથી રોડમાં તિરાડો પડતી અટકશે અને આયુષ્ય બમણું થશે.

**ગ્રીન ટેક્નોલોજીના ફાયદા**

આ ટેક્નોલોજીમાં જૂના પેવમેન્ટની માટી તથા મેટલ જેવા મટેરિયલનો ફરી ઉપયોગ કરવામાં આવે છે. તેના લીધે ખર્ચો ઘટે છે અને રોડનો બેઝ વધુ મજબૂત બને છે. આ ટેક્નોલોજીની મદદથી રસ્તાને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે જરૂરી એવા બેઝને સુધારવામાં આવે છે, જેનાથી રસ્તાની મજબૂતી વધે છે .

### કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી નોંધાવ્યો વિરોધ

# શહેરની રેસકોર્ષ કચેરી ખાતે MGVCL મેનેજમેન્ટ વિરુદ્ધ પડતર પ્રશ્ને આંદોલન

**ટેકનિકલ** સ્ટાફને વધારાની કામગીરી સહિતના પ્રશ્ને દેખાવો કર્યા




( પ્રતિનિધિ ) વડોદરા,તા.25

વડોદરા શહેરના રેસકોર્સ વિસ્તારમાં આવેલી વીજ કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિના નેજા હેઠળ વિશાળ વિરોધ પ્રદર્શન યોજાયું હતું. અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ અને જીઈબી એન્જિનિયર્સ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી સૂત્રોચ્ચાર સાથે મેનેજમેન્ટ વિરુદ્ધ રોષ વ્યક્ત કર્યો હતો.

તા.1 મે 2026ના રોજ મધ્ય ગુજરાત વીજ કંપનીના મેનેજમેન્ટને પાઠવવામાં આવેલી આંદોલન નોટિસના અનુસંધાનમાં આ વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. માત્ર વડોદરા જ નહીં પરંતુ મધ્ય ગુજરાતના સાત જિલ્લાઓમાં આવેલી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની 128 પેટા સબ ડિવિઝન, 18 ડિવિઝન અને 5 વર્તુળ કચેરીઓમાં પણ કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો હતો. વડોદરા કોર્પોરેટ કચેરી ખાતે આશરે 700 જેટલા એન્જિનિયર અને 4500થી વધુ કર્મચારીઓ કાળી પટ્ટી પહેરી પ્રદર્શનમાં જોડાયા હતા. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા કર્મચારીઓએ મેનેજમેન્ટ સામે સૂત્રોચ્ચાર કરી પોતાની માંગણીઓ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. કર્મચારી સંગઠનોનું કહેવું છે કે લાંબા સમયથી વિવિધ પ્રશ્નો અંગે રજૂઆતો છતાં યોગ્ય નિરાકરણ ન આવતા હવે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. આગામી સમયમાં માંગણીઓ નહીં સંતોષાય તો વધુ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### દંતેશ્વરમાં જન્મદિવસની ઉજવણી બની રણક્ષેત્ર

# યુવક પર હુમલો કરી રૂપિયા અને એક્ટિવાની લૂંટ ચલાવાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં જન્મદિવસની ઉજવણી દરમિયાન થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં યુવક પર જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે.

હુમલાખોરોએ યુવકને ગંભીર ઈજાઓ પહોંચાડ્યા બાદ તેની પાસે રહેલા આશરે રૂ.20 હજાર રોકડા અને એક્ટિવા સ્કૂટર લૂંટી ફરાર થઈ જતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, દંતેશ્વર વિસ્તારમાં બંસલ મોલ સામે આવેલ દર્શનમ રેસીડેન્સી નજીક કેટલાક યુવકો જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા. આ દરમિયાન કોઈ મુદ્દે યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

થોડી જ વારમાં મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. આરોપી શખ્સોએ એક યુવકને ઘેરી લઈ તેના પર હુમલો કર્યો હતો.

હુમલામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હુમલા બાદ આરોપીઓ યુવક પાસેથી આશરે રૂ.19 થી 20 હજાર જેટલી રોકડ રકમ તેમજ તેની એક્ટિવા લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. બનાવ બાદ આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આસપાસના CCTV ફૂટેજ એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે તેમજ હુમલાખોરોને ઝડપી પાડવા માટે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે.

# 5 સબ ડિવિઝનમાં વીજ કર્મીઓનો વિરોધ


(પ્રતિનિધિ) વડોદરા : પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ગ્રાહકોના રજીસ્ટ્રેશન માટે લાઈન સ્ટાફ પર અધિકારીઓ દબાણ કરતા હોવાના આક્ષેપ સાથે ગુજરાત વિદ્યુત ટેક્નિકલ કર્મચારી મંડળે જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી છે. ડભોઈ, શિનોર, ફૂલવાડી, છોટાઉદેપુર અને કોસિન્દ્રા સબ ડિવિઝનના કર્મચારીઓએ અનોખો વિરોધ નોંધાવ્યો હતો. મંડળના સેક્રેટરી જનરલ રાજેન્દ્રકુમાર ખત્રીએ જણાવ્યું કે લાઈન સ્ટાફનું મુખ્ય કામ વીજ પુરવઠો જાળવવું અને મેન્ટેનન્સ કરવાનું છે. ચોમાસા પૂર્વે પ્રી-મોન્સૂન કામગીરી અગત્યની હોવા છતાં કર્મચારીઓને સ્માર્ટ મીટર બિલ વહેંચણી અને સૂર્ય ઘર યોજનાના રજીસ્ટ્રેશન માટે દબાણ કરવામાં આવે છે. ઓનલાઈન પ્રક્રિયામાં ગ્રાહકો પાસેથી ઓટીપી મેળવવામાં વિલંબ થતો હોવા છતાં કર્મચારીઓ પર માનસિક તણાવ ઉભો કરાય છે. મંડળે લાઈન સ્ટાફને આ કામગીરીમાંથી મુક્ત કરવાની માંગ કરી છે.

### કલેક્ટર, પોલીસ કમિશનર અને કોર્પોરેશનને આવેદનપત્ર પાઠવી યોગ્ય કાર્યવાહીની માંગ

# બકરી ઈદ પૂર્વે પશુઓની હેરફેર અને કતલ રોકવા કલેક્ટર કચેરીએ રજૂઆત

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરામાં આગામી સમયમાં આવી રહેલા મુસ્લિમ બિરાદરોના પવિત્ર તહેવાર ‘બકરી ઈદ’ (ઈદ-ઉલ-અઝહા) પૂર્વે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અત્યારથી જ વહીવટી તંત્ર સમક્ષ રજૂઆતોનો દોર શરૂ થઈ ગયો છે. તહેવાર દરમિયાન શહેરમાં મોટા પાયે પશુઓની હેરફેર થતી હોય છે, જેમાં જીવદયા પ્રેમીઓ દ્વારા પશુ ક્રૂરતા અધિનિયમના ભંગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ મુદ્દે વડોદરાની નવીન કલેક્ટર કચેરી ખાતે જીવદયા ક્ષેત્રે કાર્યરત સંસ્થા દ્વારા એક મહત્વપૂર્ણ આવેદનપત્ર આપીને કડક પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પિકલ ધનુરધારી ફાઉન્ડેશનના સહયોગથી વડોદરાના જીવદયા કાર્યકરો કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. તેમણે જિલ્લા કલેક્ટરને રૂબરૂ મળીને કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન કરાવવા બાબતે રજૂઆત કરી હતી. માત્ર કલેક્ટર જ નહીં, પરંતુ આ સંવેદનશીલ મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસ કમિશનર, વડોદરા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક પોલીસ સ્ટેશનો ખાતે પણ લેખિતમાં આવેદનપત્ર પાઠવીને આગોતરા પગલાં



લેવા માટે અપીલ કરવામાં આવી છે. પિકલ ધનુરધારી ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તહેવારના નામે પશુઓને અત્યંત ક્રૂરતાપૂર્વક વાહનોમાં ખીચોખીચ ભરીને લાવવામાં આવે છે, જે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમનો સરેઆમ ભંગ છે. વધુમાં, નિયત કરાયેલા માન્ય કતલખાના સિવાય જાહેર સ્થળોએ કે રહેણાંક વિસ્તારોમાં પશુઓની કતલ ન થાય તે જોવાની જવાબદારી તંત્રની છે. જો જાહેર સ્થળો પર કતલ થશે તો શહેરની શાંતિ અને સ્વચ્છતા જોખમાશે. અમારો હેતુ કોઈ ધાર્મિક લાગણી દુભાવવાનો નથી, પરંતુ માનનીય કોર્ટના આદેશો અને પશુ સંરક્ષણના કાયદાઓનું પાલન કરાવવાનો છે. શહેરમાં ગેરકાયદેસર રીતે પશુઓ પ્રવેશ ન કરે તે માટે ચેકપોસ્ટ પર કડક ચેકિંગ થવું જરૂરી છે.

### દારૂડિયા પતિનો અભયમ ટીમ પર હુમલો

# ડભોઈમાં દારૂના નશામાં પતિનો આતંક : પત્નીને કોદાળી ઝીંકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરાના ડભોઇ તાલુકામાં દારૂના નશામાં ચકચૂર પતિએ પત્ની પાસે નશો કરવા માટે પૈસાની માંગણી કરી હતી. પત્નીએ પૈસા આપવાનો ઈનકાર કરતા ઉશ્કેરાયેલા પતિએ કોદાળી જેવા કોદાળીથી હુમલો કરી મહિલાને ઈજા પહોંચાડી હતી. 181 અભયમ ટીમે સમયસર પહોંચીને મહિલાના પતિને સમજાવવા માટે ગઈ હતી ત્યારે તેમના ઉપર પણ હુમલા નો પ્રયાસ કરાયો હતો જેથી અભયમે દારૂડીયા પતિને પોલીસને સોંપ્યો હતો. ડભોઇ તાલુકામાં રહેતી પીડિત મહિલાએ 181 મહિલા હેલ્પલાઇન પર સંપર્ક કરી જણાવ્યું હતું કે તેનો પતિ દારૂના નશામાં રોજ ગાળો બોલી મારપીટ કરે છે અને લાંબા સમયથી માનસિક તેમજ શારીરિક ત્રાસ ગુજારે છે. ઘટનાના દિવસે પણ પતિએ દારૂ પીવા માટે પૈસાની માંગણી કરી હતી. જોકે મહિલાએ પૈસા આપવાની ના પાડતા પતિ વધુ ઉશ્કેરાયો હતો અને ઘરમાં પડેલી કોદાળી જેવા લોખંડના હથિયારથી હુમલો કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ 181 અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે મહિલાની સ્થિતિ તપાસતા તેના પગના ભાગે ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. ડરી ગયેલી મહિલાએ ટીમને જણાવ્યું હતું કે તેનો પતિ ફરી હુમલો કરી શકે છે, જેથી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની વિનંતી કરી હતી. ત્યારબાદ અભયમ ટીમે મહિલાના પતિને શોધવાની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપી પાડોશીના ઘરે નશાની હાલતમાં મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે 181 ટીમ સાથે ગેર વર્તન કર્યું હતું તેમજ હુમલો કરવાની કોશિશ કરી હતી. પરિસ્થિતિ બેકાબૂ બનતા 112 ઈમરજન્સી સેવાની મદદ લેવામાં આવી હતી.

### 23 એપ્રિલે સંખેડા પોલીસે દારૂ પકડ્યો હતો તેમાં આશિષ જોષીનું નામ ખૂલ્યું હતું

# સંખેડા દારૂ પ્રકરણમાં પ્રોહિબીશનના આરોપી આશિષ જોષી જામીન મુક્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરાના આશિષ જોષીને દારૂના કેસમાં સંખેડા પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતા આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો હતો. જોકે વકીલે જામીન અરજી સાથે દલીલો કરી હતી જેના પગલે બોડેલી કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરતા આશિષ જોષી છેલ્લા 10 દિવસથી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતાં તે જેલમુક્ત થયા છે. 23 એપ્રીલે પકડાયેલા દારૂના કેસમાં આશીષ જોષી સામે સંખેડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનનો ગુનો નોંધાતા રાજકીય માહોલમા ગરમાવો આવી હતો. 23 એપ્રિલે સંખેડા પોલીસે પ્રમોદ પાંડે નામના શખ્સને આશરે રૂ. 3 લાખની કિંમતનો દારૂ ભરેલી ઈકો કાર સાથે ઝડપી પાડ્યો



હતો. પૂછપરછ દરમિયાન પ્રમોદ પાંડેએ દારૂનો જથ્થો વડોદરાના આશિષ જોષીએ મંગાવ્યો હોવાનો ખુલાસો કર્યો હતો. જેના આધારે પોલીસે આશિષ જોષી સામે પણ પ્રોહિબીશનનો ગુનો દાખલ કર્યો હતો. બાદમાં 13મેના રોજ તેઓ અમદાવાદ ખાતે સગાસંબંધીઓને મળવા ગયા હતા ત્યારે રામોલ પોલીસે તેમની ધરપકડ કરી સંખેડા પોલીસને સોંપ્યા હતા. બીજા દિવસે સંખેડા પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થયા બાદ પોલીસે આશિષ જોષી વિરુદ્ધ કાવતરા ખોરની બીએનએસ કલમ 111(3) ઉમેરવા અરજી કરી હતી તેમજ સહઆરોપી પ્રમોદ પાંડેના જામીન રદ કરવાની માંગણી પણ કરાઈ હતી. ત્યારબાદ કોર્ટે આશિષ જોષીને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો. શુક્રવારે બચાવ પક્ષના વકીલ હિતેષ ગુપ્તાએ બોડેલી કોર્ટમાં જામીન અરજી મુદ્દે દલીલો રજૂ કરી હતી. કોર્ટે ચુકાદો સોમવાર સુધી મુલતવી રાખ્યો હતો. આખરે સોમવારે કોર્ટે આશિષ જોષીના જામીન મંજૂર કરતા છુટકારો થયો છે.

### સગીરા પરિવારને સોંપાઈ, આરોપી જેલમાં ધકેલાયો

# સગીરાનું અપહરણ કરી વારંવાર દુષ્કર્મ કરનાર આરોપી ઝડપાયો

**ઝારખંડ-ઓડિશા** બોર્ડર પરથી પોક્સો કેસના આરોપીને માંજલપુર પોલીસે દબોચ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાંથી સગીરાનુ અપહરણ કર્યા બાદ દુષ્કર્મ ગુજારનાર આરોપીને આરોપીને માંજલપુર પોલીસે ઝારખંડ-ઓડિશા બોર્ડર પરથી ઝડપી પાડ્યો છે. સાથે જ ભોગ બનનાર સગીર બાળકી પણ સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપાય છે જ્યારે આરોપી અને કોર્ટમાં રજૂ કરતા મોકલી અપાયો છે.

માંજલપુર વિસ્તારમાં રહેતી સગીર વયની દીકરીને લગ્નની લાલચ આપીને આરોપી સાહિલ ઉર્ફે સોહિલ શેખ વગાડી ગયો હતો. જેની ફરિયાદ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી દરમિયાન પોલીસે સર્વેલન્સ સ્ક્વોડના આધારે શોધખોર શરૂ કરી હતી ત્યારે બાતમી મળી હતી કે પોક્સો અને અપહરણ કેસમાં ફરાર આરોપી સાહિલ ઉર્ફે સોહેલ જલીલ શેખ (મન્સુરી) ઝારખંડ અને ઓડિશાની બોર્ડર વિસ્તારમાં છુપાયો છે. બાતમીના આધારે તાત્કાલિક પીઆઈ બીજી પટેલ દ્વારા પોલીસ ટીમ રવાના કરવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસની મદદથી પોલીસે આરોપી સાહિલ ઉર્ફે સોહેલ જલીલ શેખ (મન્સુરી) ( રહે ભૌલી ગામ, તાલુકો હસનગંજ, અજગાઈન થાના, જિલ્લો ઉન્નાવ, ઉત્તર પ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો. સાથે જ સગીર ભોગ બનનાર બાળકીનો પણ કબ્જો મેળવી પરિવારને સોંપવામાં આવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમા રજૂ કરતા કોટે તેને સેન્ટ્રલ જેલમાં મોકલી આપવા માટેનો હુકમ કર્યો છે.

### સ્થાનિક મુસ્લિમ સમાજે જ ચાલકને પોલીસને હવાલે કર્યો

# તાંદલજામાં શંકાસ્પદ હાલતમાં બે ગાયો ભરેલો ટેમ્પો ઝડપાયો

**‘સમાજની** છબી ખરડનારા તત્વો સામે કડક પગલાં લો’ ની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા તાંદલજા ખાતેથી શંકાસ્પદ હાલતમાં ગાયો ભરેલો એક ટેમ્પો સ્થાનિક રહીશો દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. સંતોષકારક જવાબ ન મળતા સ્થાનિક મુસ્લિમ સમાજના આગેવાનોએ જ સરાહનીય સતર્કતા દાખવી ટેમ્પો ચાલકને પોલીસના હવાલે કર્યો હતો અને આવા તત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. મળતી વિગતો અનુસાર, સન ફાર્મા રોડ નજીકથી તાંદલજા તરફ જતાં માર્ગ પર કિસ્મત ચોકડી પાસે




આવેલા ‘અલ મુકામ’ વિસ્તાર નજીકથી એક ટેમ્પો પસાર થઈ રહ્યો હતો. આ ટેમ્પોમાં પશુઓ ભરેલા હોવાની શંકા જતાં ત્યાં હાજર સ્થાનિક રહીશોએ ટેમ્પોને રોક્યો હતો. રહીશો દ્વારા ટેમ્પોચાલકની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી, પરંતુ ચાલક કોઈ સંતોષકારક કે સ્પષ્ટ જવાબ આપી શક્યો ન હતો. ચાલકની શંકાસ્પદ હિલચાલ અને ગોળગોળ જવાબોને પગલે તાત્કાલિક આસપાસના સ્થાનિક રહીશો અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને આગેવાનોએ કાયદો હાથમાં લેવાને બદલે તાત્કાલિક આ મામલાની જાણ જે.પી. રોડ પોલીસ સ્ટેશનને કરી હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ટેમ્પો તેમજ તેના ચાલકને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન ખાતે ખસેડ્યા હતા. ટેમ્પોમાંથી બે ગાય અને વાછરડું મળી આવ્યું. પ્રાથમિક તપાસ અને સ્થાનિકો પાસેથી મળેલી માહિતી મુજબ, ઝડપાયેલા ટેમ્પોની પાછળના ભાગે શંકાસ્પદ રીતે બાંધેલી બે ગાય અને એક નાનું વાછરડું મળી આવ્યું હતું. પોલીસે પશુઓનો કબજો મેળવી તેમને સુરક્ષિત સ્થળે (ગૌશાળા) મોકલવાની તજવીજ હાથ ધરી છે.


**આક્રોશ** મધ્ય ગુજરાતની સૌથી મોટી SSG હોસ્પિટલ ફરી વિવાદમાં, તંત્રની ઘોર બેદરકારી


# SSGમાં ઈમરજન્સી વોર્ડમાં કલાકો સુધી મૃતદેહો રઝળ્યા

**નિયમોનું સરેઆમ** ઉલ્લંઘન, દર્દીઓની વચ્ચે કલાકો સુધી પડી રહી લાશ, દર્દીઓ અને સગા-સંબંધીઓમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને ગરીબોની જીવાદોરી ગણાતી વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. આ વખતે હોસ્પિટલ પ્રશાસનની અત્યંત સંવેદનહીન અને ઘોર બેદરકારી સામે આવી છે, જેમાં અકસ્માત અને ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે આવેલા અન્ય દર્દીઓની વચ્ચે જ બે થી ત્રણ કલાક સુધી મૃતદેહો રઝડતા રહ્યા હતા. આ આઘાતજનક ઘટનાને પગલે હોસ્પિટલમાં હાજર દર્દીઓ અને તેમના પરિવારોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી તબીબી નિયમો અનુસાર, જ્યારે પણ કોઈ દર્દીને હોસ્પિટલમાં લાવતાની સાથે જ મૃત જાહેર કરવામાં આવે અથવા સારવાર દરમિયાન તેનું મોત નીપજે, ત્યારે કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરીને તુરંત જ મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમ અથવા





કોલ્ડ સ્ટોરેજમાં ખસેડવાનો હોય છે. પરંતુ SSG હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં તંત્રની આળસ અને સંકલનના અભાવે મૃતદેહોને કલાકો સુધી વોર્ડમાં જ રાખવામાં આવ્યા હતા. જીવતા દર્દીઓ જ્યાં સારવાર લઈ રહ્યા હતા, તેની બાજુમાં જ કલાકો સુધી મૃતદેહો પડી રહેતા હોસ્પિટલની ગંભીર લાપરવાહી છતી થઈ છે. SSG હોસ્પિટલમાં મૃતદેહોની સાચવણી બાબતે લાપરવાહી દાખવવામાં આવી હોય તેવી આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ હોસ્પિટલ તંત્રની બેદરકારીના કારણે સમયસર મૃતદેહોને કોલ્ડ સ્ટોરેજમાં ન મુકાતા લાશ ‘ડી-કમ્પોઝ’ની ગંભીર ઘટનાઓ બની ચૂકી છે. તે સમયે પણ મૃતકોના પરિવારજનોએ હોસ્પિટલ કેમ્પસમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને તંત્રએ તપાસના આશ્વાસનો આપ્યા હતા. પરંતુ વારંવાર થતી આવી ઘટનાઓ સાબિત કરે છે કે લાચાર વહીવટી તંત્ર સુધરવાનું નામ નથી લઈ રહ્યું. આ ઘટના સામે આવ્યા બાદ વડોદરા અને આસપાસના જિલ્લાઓમાંથી આવતા સામાન્ય નાગરિકોમાં સરકારી આરોગ્ય તંત્રની વિશ્વસનીયતા સામે મોટા સવાલો ઉભા થયા છે. ગરીબ દર્દીઓ ભારે આશા સાથે આ સરકારી હોસ્પિટલમાં આવે છે, પરંતુ વહીવટી તંત્રની આવી ઘોર બેદરકારીને કારણે લોકોનો ભરોસો તૂટી રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે આ ગંભીર બેદરકારી બદલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ જવાબદાર સ્ટાફ સામે કોઈ કડક પગલાં લેશે કે પછી દર વખતની જેમ મામલો થાળે પાડી દેવામાં આવશે.

# આજવા રોડ અને તાંદલજામાં 15 જુગારી ઝડપાયા

વડોદરા : બાપોદ પોલીસને બાતમી મળતા આજવા રોડ કિશનવાડી પાસે આવેલા વલ્લભ રેસીડેન્સીના સી-403 ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં વિજયભાઈ શીવરામભાઈ સાળુકે સહિત રાજેશ ઠકર, અજય નલાવણે, શૈલેશ મોરે, કિરણ નલાવડે, સુનીલ ઓડ, રાકેશ મિસ્ત્રી અને અશોક પાટીલ પત્તા પાનાનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે રૂ.53 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે જે.પી. રોડ પોલીસે તાંદલજાના એકતાનગર કાળીતલાવડી વિસ્તારમાં દરોડો પાડી ઈમ્તીયાઝ પઠાણ, રદીન પઠાણ, સાહીલ પઠાણ, ફરસ્ટીન રાણા, સોહેલ ખાન, સલમાન પઠાણ અને આસિફ પઠાણને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડ, મોબાઈલ ફોન અને પત્તા પાના મળી રૂ.61 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બંને મામલામાં પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અભયમની ટીમે સમજાવતાં પતિ સાથે રહેવા તૈયાર

# પરિવારને તરછોડી પ્રેમમાં પાગલ પરિણીતાએ ઘર છોડ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

બાપોદમાં પરિણીતાને અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ બંધાતા પ્રેમી સાથે જુનાગઢ ખાતે ભાગી ગઈ હતી. જેના કારણે પરિવારનો માળો વિખેરાવવાની કગારમાં પહોંચ્યો હતો. આખરે મહિલાના પતિએ પરિવાર બચાવવા માટે અભયમ 181 ટીમની મદદ લેતા કાઉન્સેલિંગ દ્વારા મામલો સુખદ અંત સુધી પહોંચ્યો હતો.

બાપોદ વિસ્તારમાં રહેતી 33 વર્ષીય પરિણીતાનો પતિ હયાત હોવા છતાં 25 વર્ષના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. મહિલાના પતિ છેલ્લા બે વર્ષથી નાસ્તાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. અગાઉ જે સોસાયટીમાં પરિવાર રહેતો હતો ત્યાં યુવકની દુકાન હોવાના કારણે બંને વચ્ચે ઓળખાણ થઈ હતી અને યુવક અવારનવાર નાસ્તાની લારી પર આવતો હોવાના કારણે પરિણીતાની યુવક સાથે આંખો મળી ગઈ હતી ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ પણ બંધાયો હતો. પરિણીતા એટલી હદે પ્રેમી પાછળ પાગલ બની ગઈ હતી કે પોતાના પતિને જાણ કર્યા વગર બે બાળકોને લઈને વડોદરાથી જુનાગઢ જતી રહી હતી અને આશરે દસ દિવસ સુધી યુવક સાથે ત્યાં રોકાઈ હતી હતી. ત્યારબાદ મહિલા પરત આવી હોવા છતાં પતિ સાથે રહેવા તૈયાર ન હતી. પરિવારિક વિખવાદ વધતા મહિલાના પતિએ અભયમ 181 ટીમની મદદ માગી હતી. ટીમે બાપોદ સ્થિત નિવાસસ્થાને પહોંચી મહિલા અને તેના પતિનું કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે મહિલાને સમજાવ્યું હતું કે બે બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી પરિવાર સાથે રહેવું જરૂરી છે. કાઉન્સેલિંગ બાદ મહિલાએ પોતાની ભૂલ સ્વીકારી હતી તેમજ યુવક સાથેનો સંપર્ક તોડી પતિ અને બાળકો સાથે રહેવા સંમતિ વ્યક્ત કરી હતી.